અપીલ અરજી નં.૩૨૭ તા.૭–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સંજીદાબાનુ મો. અમીન દુધવાલા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજીદાબાનુ મો. અમીન દુધવાલાની તા. ૨૬–૮–૧૧ની અરજીથી નામ આધારિત વિગત મેળવવા બાબતે વેરાબીલ જેનો (૧) ટેનામેન્ટ નં. ૬૭ડી–૦૭ –૦૩૧૧ –૦–૦૦૧ (૨) ૬૭ડી–૦૭–૦૩૨૧–૦–૦૦૧વાળી મિલ્કતમાં શ્રી રબીનાબાનુ મો.યુસુફ કાપડીયા નામ આવે છે જે દાખલ કરેલ જેને લગતી વિગત આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૭/૨૦૧૧–૧૨

શ્રી સંજીદાબાનુ મો. અમીન દુધવાલાની તા. ૨૬–૮–૧૧ની અરજીથી નામ આધારિત વિગત મેળવવા બાબતે વેરાબીલ જેનો (૧) ટેનામેન્ટ નં. ૬૭ડી–૦૭–૦૩૧૧–૦–૦૦૧ (૨) ૬૭ડી–૦૭–૦૩૨૧–૦–૦૦૧વાળી મિલ્કતમાં શ્રી રબીનાબાનુ મો.યુસુફ કાપડીયા નામ આવે છે જે દાખલ કરેલ જેને લગતી વિગત આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/અકણ(આરટીઆઈ)/ ૮૪૪ તા. ૨૬–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સદર ટેના.કોના નામે દાખલ છે ? જો અરજદારને જણાવેલ નામે હોય તો કયા પુરાવાના આધારે દાખલ થયેલ તેની આકારણી રજીસ્ટર તુમાર પરની વિગત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૧ તા.૧૭–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં નિર્દિષ્ટ ટેના.નબર તેમના નામે દાખલ હોવાના કે દાખલ કરવા કરેલ અરજીની નકલ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ અકણ/ આરટીઆઈ/ આ.નં. ૧૦૦૭ ૪–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સદર ટેનામેન્ટની પ્રોપર્ટી ભર્યા અંગેની ૧૧–૧૨ ની રસીદની નકલ, સદર મિલ્કતોનું એસેસમેન્ટ પત્રકની સુધારેલ પત્રક 'બ' ની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૪૪ તા.૨૬–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૬–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ ટેના. નંબરમાં રબીનાબાનુ મો. યુસુફ કાપડીયા જે દાખલ કરેલ છે તેને લગતી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૪૪ તા.૨૬–૯–૧૧ થી સમય અવધિ પૂર્ણ થયાના ત્રીજા દિવસે અરજદારને " ટેનામેન્ટ નં. ૬૭ડી–૦૭– ૦૩૧૧ –૦ –૦૦૧, ૬૭ડી–૦૭–૦૩૨૧ –૦ –૦૦ ૧વાળી મિલ્કતમાં શ્રી રબીનાબાનુ મો.યુસુફ કાપડીયાના નામે દાખલ કરવા બાબતે રેકર્ડ પર કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મુ. યુસુફ કાયડીયાનું નામ વેરાબીલમાં દાખલ કરેલ તે બાબતેના કોઈ પુરાવા મુજબ કોઈ જવાબ મળેલ નથી તેવું જણાવી તા.૭–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે નિર્દિષ્ટ ટેના. નંબરમાં નામ દાખલ હોવા કે દાખલ કરવા કરેલ અરજી બાબતે વિગતો–આધાર રજૂ કરવા જણાવવામાં આવેલ પરંતુ અરજદાર તેમ કરવામાં સફળ રહેલ નથી. જેમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબમાં રેકર્ડ ઉપર કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. તેવું અરજદારને સ્પષ્ટ જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ સદર ટેનામેન્ટમા સદર નામ હોવા અંગે એસેસમેન્ટ નકલ તેમજ ૧૦–૧૧ ના વેરાબીલની નકલો રજૂ કરેલ છે જેમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નામ રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે તેની વિગતો જણાવતી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અપીલમાં રજૂ થયેલ વેરાની રસીદો સુધારેલ પત્રક 'બ' માં અરજદારનું નામ છે નામ દાખલ પ્રક્રિયા, તેની જાહેર જનતા માટે તપાસણી, અપીલ આ પ્રક્રિયા નામ દાખલના તબકકે થયેલ હોવાનું અનુમાનિત છે. અરજદાર કક્ષાએથી તેવા તબકકે તેમણે રજૂ કરેલ પુરાવા કે અરજીની વિગતો માંગવા છતાં સ્વયંના આધાર પુરાવા રજૂ કરવામાં સફળ રહેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ચ) હેઠળ તેમની જ મિલ્કત હેઠળના દસ્તાવેજ પુરાવાની વિગતો વિશ્વાસનીયતા સબંધ હેઠળ તેમની પાસે પણ હોવાનું અનુમાનિત છે. તેમ છતાં તેવા દસ્તાવેજી પુરાવાની નકલનો આગ્રહ જે સ્વયં રજૂ કરવામાં અપીલ તબકકે સફળ રહેલ નથી તેનો આગ્રહ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારે રાખેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી માહિતી પૂરી પાડેલ છે. જેથી અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો ઓફિસ કામકાજના સમય દરમ્યાન આગોતરો સમય મેળવી બાબત હેઠળના નામ દાખલ આકારણી તુમાર/પત્રકની દફતરી તપાસણી આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજી ફી ભરપાઈ કરી તે મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી હુકમની અમલવારી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)<br>
ડે.કમિશ્નર (ફા.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,<br>
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે.<br>
(૨) શ્રી સંજીદાબાનુ મો. અમીન દુધવાલા,